# સુહાની મૂરત

તમે ક્યારેય ભગવાનનો ચહેરો ઉદાસ હોય એવું જોયું? મુર્તિ હોય કે ફોટો હોય કે પછી કોઈ પણ ધાર્મિક સિરિયલ જ લઈ લો ભગવાનનો ચહેરો તમને હંમેશા પ્રસન્ન જ જોવા મળશે. આપણા કોઈ પણ ભગવાન લઈ લો, શ્રી રામ હોય કે શ્રી કુષ્ણ, એમનો રોલ ભજવી રહેલા કલાકાર પણ તમને આખી સિરિયલમાં મંદ મંદ સ્મિત વેરતા જ જોવા મળશે.

ક્યારેય તમને એવો વિચાર આવ્યો છે કે ભગવન હંમેશા હસતાં, પ્રભાવી સ્મિત રેલાવતા જ કેમ જોવા મળે છે? મેં આ સવાલ ઘણા બધા લોકોને પૂછી જોયેલો અને બધાએ એમની રીતે યોગ્ય ઉત્તર પણ આપેલો. કોઈએ કહ્યું કે, આપણે પણ એમને હસતાં જોઈને સામે હસીએ એટ્લે ભગવન હસતાં હોય છે. ક્યાંકથી જાણવા મળ્યું કે, ભગવાનને કોઈ ભય નથી, આખી સૃષ્ટિ એમની દયાથી જ ચાલે છે એટલે એ સદા પ્રસન્નચિત હોય છે. બીજાય અમુક જવાબ મળ્યા પણ મને એનાથી સંતોષ ના થયો.

હમણાં આ લૉકડાઉન દરમિયાન રોજ રોજ રામાયણ, મહાભારત જોવાની આદત પડી ગયેલી અને એમાં ભગવાનનો સુંદર, સ્મિત મઢયો ચહેરો જોઈને આ સવાલ વારંવાર મારા મનમાં ઉઠ્યા કરતો. પછી એક દિવસ અચાનક મને મારી જ અંદરથી જવાબ મળ્યો, જે મને વધારે સંતોષકારક લાગ્યો. ભગવાન હસે છે એમ વિચારીને કે, આ ક્ષણ પણ ચાલી જશે! દુખ હોય તો પણ નથી રોકાવાનું અને ગમે એટલું સુખ હોય



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

તો એ પણ સ્થાયી નથી, પછી ચિંતા શું કામ કરવાની! જે પળ આવે એને હસીને વધાવી લો...

તમે જ કહો આજથી ચાર મહિના પહેલા તમને કોઈએ કહ્યું હોત કે, તમે તમારો વેપાર, ધંધો, નોકરી બધું બંધ રાખીને સપરિવાર ઘરમાં જ ભરાઈ રહેશો. એ પણ મહિના, બે મહિના સુધી તો તમે માન્યું હોત? આપણે એવું કહેનારને પાગલ માન્યો હોત! આજે એ હકીકત છે અને ફક્ત આપણે જ ક્યાં આખી દુનિયા આ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. ક્યાં ગયા એ મંગળ અને ચાંદ ઉપર ઘર લેવાની વાતો કરતા માનવી? આજે માણસને એના ઘરની બહાર જતાં પહેલા દસ વખત વિચાર કરવો પડે છે! ઘરે કોઈ ઓળખીતી વ્યક્તિ આવી ચઢે તો ટેન્શન થઈ જાય છે. એને બાહરથી જ વાત કરીને વળાવી દેવાની આપણી ઈચ્છા જોર કરી જાય છે. ના છૂટકે બાહર જવું જ પડે અને જો ભૂલેચૂકે કોઈકને અડી લીધું હોય તો ઘરે આવતા જ હાથ સેનિટાઈઝ કરી, સાબુથી ઘસી ઘસીને ધોતા આપણે સતત એક ભય નીચે જીવી રહ્યાં છીએ...

એક વાત કહું, આ દિવસો પણ ચાલ્યા જશે! બસ, મનમાં આટલો જ વિચાર રાખો અને ભગવાનની જેમ સદા પ્રસન્ન રહો, કોઈ બિમારી તમારું કશુય નહી બગાડી શકે. સાવચેત રહો, સ્વચ્છતા અને તકેદારીના પગલાં લેવાનું ના ચૂકો પણ આ બધું કરવાનું સુંદર સ્મિત સાથે, સમજ્યા? વિશ્વાસ બહુ મોટી અને પાવરફૂલ વસ્તુ છે!

જો ભગવાન જેવા ભગવાન સદા ચહેરા પર સ્મિત રાખતા હોય તો આપણને શી જરૂર પડે સોગીયું મોઢું લઈને ફરવાની! કદાચ એવું બને ભવિષ્યમાં આપણો ચહેરો પણ ભગવાન જેવો સુંદર બની જાય. ચહેરા પર સદા સ્મિત રમતું રાખવાની એ સાઈડ ઈફેક્ટ છે હોં. આ લૉકડાઉન પૂરું થયે તમે જ્યારે ઘરની બહાર નિકળશો ત્યારે લોકો સામે કેવી રીતે પ્રગટ થશો? વધારે ચિડિયા સ્વભાવના બનીને કે વધારે પ્રસન્ન બનીને, આખી દુનિયાને માનવતા અને પ્રેમની નજરે જોતાં...

ભરતને મોઢું ફાડીને હસતો જોઈ નિમેષે પુછ્યું, ‘‘શું થયું ભરતા?’’


ભરતઃ નિયતીમેમની વાત માની ચહેરો હસતો રાખી રહ્યો છું!

નિમેષઃ હસવાનું પણ શ્રી રામ અને શ્રી કૃષ્ણ જેવુ, જોકર જેવુ નહી!

# અભિનય વર્કશોપ માટે જાણવા જોગ

ગાંધીનગર, તા. ૪

છેલ્લા થોડા મહિનાથી વિશ્વ કોરાનાની મહામારી સામે ઝઝુમી રહ્યું છે. સરકારના આદેશ મુજબ આપણે સર્વ પોતાના ઘર માં રહી ને, આપણી પોતાની સલામતી માટે કોરાના સામે લડી રહ્યા હતાં. આવા કપરા સંજોગોના લીધે ગુજરાતી રંગમંચની છેલ્લા થોડા વર્ષો માં ઉભી થયેલી ઈમારત ધરાશાયી થવાનાં ડર થી કાંપી રહી છે. ત્યારે આ સમયે ઘરે રહી ને આ સમય નો સદ ઉપયોગ કરતાં તમારી અંદર છૂપાઈ રહેલી કલા કે જેના પર વર્ષો થી તમે કાર્ય કરવાનું વિચારી રહ્યા હતાં તે કલા ને વિકસાવવા ની આ ઉત્મ તક છે. આ ઉદ્દેશ્ય ને ધ્યાન માં રાખી ને જ ઊ ઈહીક્ટિહદ્વીહં દ્વારા છેલ્લા મહિના માં બે્ રીટ્ટીી ઉજિર્ઁ નું આયોજન કરવાં માં આવ્યું હતું. જેમાં ૧૦ થી લઈ ને ૬૦ વર્ષ ના વ્યક્તિઓ એ જોડાઈ ને તેમને ભવ્ય સફળતા અપાવી હતી. હવે આ જ સફળતાને આગળ વધારતા આવતા અઠવાડિયામાં ૭ થી ૧૪ જૂન દરમિયાન ત્રીજી theatre wrokshop નું આયોજન કર્યુ છે. જેમાં નિરવ વેગડા, જયદીપ પ્રજાપતિ, ગૌરવ પંડ્યા,પાર્થ પટેલ,પાર્થ રૂપારેલિયા,રિષભ શુક્લા, અને ડેનિસ ક્રિશયન દ્વારા થિયેટર ના વિવિધ પાસા જેવા કે રંગમંચ અને અભિનય કળા ની સામાન્ય સમજણ, વાર્તા લેખન ની રીત, voice speech અને body language ની આંશિક સમજણ અને એ સિવાય રંગમંચ ના બીજા વિવિધ પાસા ની પ્રાથમિક સમજણ પણ આપવામાં આવશે. જો આપ જોડાવાની ઈચ્છા રાખતા હોવ તો ૮૮૬૬૯ ૧૬૩૧૦, ૯૪૨૯૨ ૦૦૦૨૯, ૮૪૬૦૮ ૯૪૨૨૪ નંબર. પર registration કરાવી શકો છો.




વેદ ઈંટીગ્રેટેડ શાળામાં ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો. આરાધના વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ વેદ ઈંટીગ્રેટેડ સેકટર-૨૮ ની શાળામાં ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો. જેમાં શિક્ષકો એ વિવિધ વિષયો શીખવવા માટે દરેક વિષયોમાં વૈવિધ્ય લાવવા ઓનલાઈન પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આપી નવીન અભિગમો આપ્યા હતા. શિક્ષકોના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળ રીતે પરિપૂર્ણ થયો.

# ‘પાંપણ વચ્ચે’ના સર્જક કવિ કિશોર જીકાદરાની ગઝલ કોલેજના સિલેબસ અને વિદ્યાર્થીઓ વચ્ચે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સાહિત્યસભાના સલાહકાર કવિ કિશોર જીકાદરા એ સાંપ્રત સમયના શ્રેષ્ઠ ગઝલકાર તરીકે પ્રખ્યાત છે. છંદ અને લયબદ્ધ ગઝલ લેખક તરીકે એમનું નામ આદર પૂર્વક લેવાય છે. એમનો ગઝલ સંગ્રહ ‘પાંપણ વચ્ચે’ ખૂબ પ્રસિદ્ધિ પામ્યો છે.

ગાંધીનગર માટે ગૌરવની બાબત એ છે કે ભાવનગર યુનિવર્સિટીના પ્રથમ વર્ષ આર્ટસના અભ્યાસક્રમમાં કવિ કિશોર જીકાદરાની ગઝલને સમાવવામાં આવી છે. હવે કોલેજના વિદ્યાર્થીઓ એમની ગઝલનો અભ્યાસ કરશે. એમની



સિલેબસમાં સ્થાન પામેલી ગઝલનો એક શેઅર...

તેં સિવેલા સંબંધોને, આજે પણ પહેરું છું વટથી,
દિલ દઈને લીધેલા ટાંકા, એમ નથી કૈં તૂટતાં ઝટથી.

ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ઉપપ્રમુખ કલ્પેશ પટેલ અને મહામંત્રી રમેશ ઠક્કર તેમજ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ દ્વારા કવિ કિશોર જીકાદરાને અનેક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ગાંધીનગર સાહિત્યસભા આ વિશિષ્ઠ ઉપલબ્ધિ માટે ગૌરવ અનુભવે છે.

# જગન્નાથ ભગવાનની શોભાયાત્રા વગર જ જળયાત્રા નિકળશે

અમદાવાદ, તા. ૪

શહેરમાં આગામી મહિનાની ૨૩મી જૂને રથયાત્રા નીકળવાની છે. અમદાવાદમાં નીકળનારી રથયાત્રા અગાઉ યોજાતી જળયાત્રામાં લાખો ભક્તો અને સાધુ - સંતો જોડાઈને અવસરનો અનેરો લહાવો ઉઠાવે છે. ત્યારે વૈશ્વિક રોગચાળા કોરોનાના કારણે મંદિરના ટ્રસ્ટે મોટો નિર્ણય લીધો છે. કોરોનાની મહામારીમાં મંદિરના ટ્રસ્ટે લીધેલા નિર્ણય પ્રમાણે ગાદીપતિ તેમજ ટ્રસ્ટના લોકો જ જળયાત્રામાં જોડાશે. ભૂદરના આરે માત્ર ટ્રસ્ટીઓ અને ગાદીપતિ જ પૂજા કરશે. શુક્રવારે એટલે ૫ મી જૂનના રોજ જળયાત્રા યોજાવવાની છે. રથયાત્રા અગાઉના પ્રથમ ચરણ જળયાત્રા પણ આ વખતે સાદગીપૂર્વક યોજાશે. આ વર્ષની જળયાત્રામાં પણ ગણતરીના જ લોકો જોડશે. જળયાત્રામાં આ વખતે શોભાયાત્રા નહીં યોજાય. આ ઉપરાંત મામેરાની વિધિ સાદગીપૂર્વક યોજાશે. સરસપુરના રણછોડ મંદિરથીથી માત્ર બે લોકો આવી મામેરાની વિધિની ઔપચારિક્તા પૂરી કરશે.આમ, આ વખતે મામેરાની વિધિનું પણ સંપૂર્ણ સાદગીપૂર્વક આયોજન થશે. મંદિરના દ્વાર ખોલવામાં આવશે પછી પણ જગન્નાથજી મંદિરમાં ભક્તો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સિંગ રહે તેની તકેદારી રાખવામાં આવશે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાના બે દિવસ અગાઉ યોજાતી નેત્રોત્સવની વિધિનું પણ અનેરું મહત્વ હોય છે. પરંતુ આ વખતે સૂર્યગ્રહણને લીધે નેત્રોત્સવ વિધિ ૨૧ જૂને બપોરે ૪.૦૦ વાગ્યા બાદ યોજાશે. રથયાત્રામાં આ વખતે કોઈ ભક્તોની હાજરી જ નહીં હોય તેવું સૌ પ્રથમ વાર બનશે. મંદિરના ટ્રસ્ટી મંડળની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ટેકનીકલ એજ્યુકેશનનો વ્યાપ વધારવા એઆઈસીટીઈનો વર્ષ ૨૦૨૦-૨૧માં અગત્યનો નિર્ણય

## હવે ડીપ્લોમાં કરેલ વિદ્યાર્થી ડિગ્રીના બીજા વર્ષમાં કોઈ પણ કોર્ષમાં પ્રવેશ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૪

ભારતમાં વિવિધ ટેકનીકલ કોર્ષ જેવા કે ડીપ્લોમાં, ડિગ્રી, એમ.બી.એ, એમ.સી.એ વગેર કોર્ષ ને મંજુરી આપતી સંસ્થા ઓલ ઈન્ડિયા ટેકનીકલ કાઉન્સિલ એટલે કે એઆઈસીટીઈ છે . એઆઈસીટીઈ દ્વારા નવી સંસ્થા ની મંજુરી અને મંજુરી ને લગતા નિયમો બનાવવામાં આવતા હોય છે.વર્ષ ૨૦૧૯-૨૦ સુધી કોઈપણ કોર્ષ માં ડીપ્લોમાં કરેલ વિદ્યાર્થી તેજ કોર્ષ માં ડીગ્રી ના ૨જા વર્ષ માં સીધો પ્રવેશ મેળવી શકે અને જો તેને કોર્ષ બદલવો હોય તો ડિગ્રી ના પ્રથમ વર્ષ માં પ્રવેશ મેળવવિ શકતો.પરંતુ વાલીઓ અને રાજ્ય ની ટેકનીકલ સંસ્થાઓ દ્વારા વારંવાર એઆઈસીટીઈ માં રજૂઆત કરવામાં આવેલ હતી કે ડિગ્રી નો પ્રથમ વર્ષ નો અભ્યાસક્રમ લગભગ બધાજ કોર્ષમાં સરખો હોય છે તો ડીપ્લોમાં કરેલ વિદ્યાર્થી ને ડિગ્રી ના બીજા વર્ષમાં કોઈપણ કોર્ષમાં પ્રવેશ આપવામાં આવવો જોઈ એ .આ માંગણી ને ધ્યાનમાં રાખી એઆઈસીટીઈ એ વર્ષ ૨૦૨૦-૨૧ એટલે કે ચાલુ વર્ષે જ નિયમ બનાવવામાં આવ્યો કે ડીપ્લોમાં કરેલ વિદ્યાર્થીઓ ડિગ્રીના કોઈપણ કોર્ષમાં બીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકશે.

જેના લીધે ડીપ્લોમાં પૂરું કર્યા બાદ વિદ્યાર્થી માંગ પ્રમાણે ડિગ્રીમાં પસંદ કરી શકશે.આ નિર્ણય ને લીધે ટેકનીકલ એજ્યુકેશન નો વ્યાપ વધશે. સાથે સાથે ડીપ્લોમાં માં અભ્યાસ કરતા અને પ્રવેશ ડીપ્લોમાં માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ ને મોટો લાભ થશે તે ચોક્કસ છે.

# જન્મદિને વધામણી



સ્મિતા શાહ



સુનિતા વી જોષી
મો. ૯૧૫૭૦૭૮૯૬૬



રાઓલ દિગ્વિજયસિંહ
રેડક્રોસ



અનમોલ બી દવે




કુલદીપસિંહ જી બિહોલા
રેડક્રોસ



નીતિન એન. પટેલ
મો. ૯૫૫૮૫ ૮૨૦૬૮



હર્ષ મુકેશભાઈ પટેલ
મો. ૯૯૯૮૭ ૪૫૪૧૦



શિવમ રાજુભાઈ શર્મા
મો. ૯૯૨૫૪ ૩૫૩૦૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# બાયોડાર્વિર્સિટી : કુદરતના સમયને પારખીએ

પ્રસંગસર / વિશ્વ પર્યાવરણ દિવસ

● નરેશ ઠાકર
- nareshkthakar@gmail.com

યુએન - યુનાઈટેડ નેશન્સ દ્વારા ૫મી જૂન ૧૯૭૨ના રોજ ‘માનવ પર્યાવરણ’ વિષયક શિખર પરિષદ સંપન્ન થઈ હતી. સદર તારીખે વર્ષોથી, ‘વિશ્વ પર્યાવરણ દિન’ તરીકે સમગ્ર વિશ્વ ઉજવે છે. આ દિને ૧૦૦થી વધુ દેશોના નિસ્બતધારકોને પર્યાવરણની



માવજત કરવાની તક મળે છે.

યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ એસેમ્બલી નામે જાણીતી વિશ્વ સંસ્થા, ૧૯૩ દેશો સહિત જુદા જુદા નિસ્બતધારકોને પર્યાવરણીય બાબતો માટે મંચ પુરૂ પાડે છે. આ લોકો પર્યાવરણીય સંરક્ષણ માટે વૈશ્વિક પ્રતિબદ્ધતાઓ નક્કી કરવા ચર્ચા વિચારણા કરે છે.

વર્તમાન સમયમાં, લાખોથી વધુ પ્રજાતિઓ લુપ્ત થઈ રહી છે, તેવી સૌને જાણકારી છે. આથી, ચાલુ વર્ષે વિશ્વ પર્યાવરણદિન ૨૦૨૦નું થીમ-વિષયવસ્તુ તરીકે બાયોડાર્વિસ્ટિ એટલે કે, ‘જૈવવિવિધતા‘ વિષય પસંદ કર્યો છે. વર્તમાન વૈશ્વિક સમસ્યા અનુસાર સદર કાર્યક્રમની ટૅગ-લાઈન તરીકે ‘કુદરતના સમયને પારખીએ’ પણ હવે ચર્ચામાં છે.

આ પ્રસંગે, વિશ્વભરના વિવિધ કાર્યક્રમોમાં બાયોડાર્વિસ્ટિ વિષય કેન્દ્ર સ્થાને છે. જર્મનીના સહયોગમાં કોલમ્બિયા ખાતે યુનાઈટેડ નેશન્સનો વૈશ્વિક મુખ્ય વેબીનાર પ્રોગ્રામ યોજ્યો છે. હવે, બાયોડાર્વિસ્ટિ બાબતે ચિંતન કરવાનો સમય કેમ પાકી ગયો છે, તે પણ જાણી લઈએ.

‘બાયોડાર્વિસ્ટિ’નો વ્યાપક શબ્દાર્થ સમજીએ. વનસ્પતિની વિભિન્ન અનેક પ્રજાતિઓની મોજૂદગી સભર કોઈ પણ જગ્યા, વન, ઉપવન, બાગ-બગીચા બાયોડાર્વ્સ ગણાય છે. વિભિન્ન વનસ્પતિની પ્રજાતિઓ, પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓનું આશ્રયસ્થાન છે. પ્રત્યક્ષલક્ષી આ ઘટના બાયોડાર્વિસ્ટિ છે.

વિશ્વભરમાં તમામ પ્રાણીઓ અને વનસ્પતિઓની પ્રજાતિઓના આશરે ૨૫ ટકા લુપ્ત થવાના આરે છે. તેથી, બાયોડાર્વિસ્ટીના અગત્યના વૈશ્વિક મુદ્દાઓ પરત્વે આપણે જનમાનસ કેળવવાનું છે.

પેંગોલિન્સ નામે નાના કદના નિશાચર સસ્તન પ્રાણીઓ આફ્રિકા અને એશિયા (ખંડ)ના રહીશ છે. તેમના કુદરતી નિવાસ તેવા જંગલોના થઈ રહેલ વિનાશના કારણે તેઓનું અસ્થિત્વ જોખમમાં છે. પેંગોલિન્સના માંસ અને ચામડા માટે તેનો શિકાર કરવામાં આવે છે, તેમજ વિશ્વ સ્તરે ગેરકાયદે વેપાર થઈ રહ્યો છે. પેંગોલિન્સની આઠ પ્રજાતિઓ પૈકી ચાર પ્રજાતિઓ અસુરક્ષિત છે, બે પ્રજાતિઓનું અસ્થિત્વ જોખમમાં છે, અને બાકીની બે પ્રજાતિઓ તેનું અસ્થિત્વ ટકાવવાના ગંભીર સંકટ હેઠળ છે.

વિભિન્ન બૅરી/ખાવાના બોર, એવોકાડોઝ, અને નટ્સ જેવા ઢળિયા સહિત તેમજ રહિતના ફળો, કોફી અને ચોકલેટ સમેતના, લગભગ ૧૧૫ અગ્રણી વૈશ્વિક ખાદ્યપાક પૈકી, ૮૭ પ્રકારના પાકોની પોલીનેશન/પરાગનયનની પ્રક્રિયા જુદાજુદા પ્રાણીઓ પર નિર્ભર છે. વિશ્વના સૌથી અધિક પોલિનેટર્સ/પરાગવાહકો તરીકે પક્ષીઓ, જંતુઓ તેમજ રોડૅન્ટ/કૃતંક વર્ગના ઉંદરો ઉપરાંત નાના પ્રાણીઓ, સસ્તન પ્રાણી લૅમર, વગેરે અગત્યની ભૂમિકા અદા કરે છે.

કુદરતના ખોળે ઉછરતા પશુ-પંખીઓ મારફતે વનસ્પતિઓની વિવિધ પ્રજાતિઓનું પ્રદાન થયા કરે છે. પરંતુ, વિશાળ જમીનનો વિસ્તાર, પાકની ખેતી માટે વર્ષ દરમિયાન ટૂંકા સમયગાળા માટે ઉપયોગમાં રહેતો હોય, તેમાં પશુ-પંખીઓનો ઉછેર થતો નથી. આવા વિશાળ જમીન ક્ષેત્રોમાં પશુ-પંખીઓના ઉછેર માટે ખોરાકની અનિયમિત ઉપલબ્ધિ તેમજ માળા બનાવવા જોગ ભૂમિની ઊણપ, ઘણા પોલિનેટર્સ કે પરાગવાહકોના વિનાશનું કારણ બને છે. તેમનો વસવાટ થતો નથી. ધરતી પરના પ્રાણીઓ, વનસ્પતિ અને જીવજંતુઓની તમામ પ્રજાતિઓના ૮૦ ટકાથી વધુનો વસવાટ જંગલોમાં છે. વિશ્વની ચોથા ભાગની વસ્તીની આજીવિકાનું સ્ત્રોત જંગલો છે. જંગલો, વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ ચૂસી ઓક્સિજન પરત આપે છે. વળી, જંગલોમાં ઔષધ-વનસ્પતિ પણ ઉપલબ્ધ થાય છે. દરવર્ષે વિશ્વ સ્તરે આશરે ૭૦ લાખ હેક્ટરમાં ફેલાયેલ જંગલોનો વિનાશ થાય છે.

આકાશમાંથી વીજળી ત્રાટકવા જેવી કુદરતી ઘટનાઓના કારણે જંગલોને ભીષણ આગ ભરખી જાય છે. કેટલીકવાર ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તેમજ મોટા પાયે કૃષિ માટે અવારનવાર વૃક્ષો કાપવામાં આવે છે. પશુપાલન માટે એમેઝોન ફોરેસ્ટના ત્રણ ચતુર્થાંશ ભાગમાં આવેલ વૃક્ષોનું નિકંદન થયું છે.

પૃથ્વી પરના તમામ પક્ષીઓની સંખ્યાના આશરે ૭૦ ટકા, પોલ્ટ્રી ફાર્મ્સના મરઘાં ગણાય છે. ધરતી પર વન્ય પક્ષીઓ માંડ ૩૦ ટકા જ છે. પૃથ્વી પરના તમામ સસ્તન પ્રાણીઓ પૈકી માનવ સંખ્યા આશરે ૩૬ ટકા છે, ત્યારે વન્ય પ્રાણીઓની સંખ્યા માંડ ૪ ટકા બચી છે. પૃથ્વી પરના તમામ સસ્તન પ્રાણીઓમાં ૬૦ ટકા હિસ્સો પશુધનનો છે, જેમાં મોટે ભાગે ગોચરનાં ઢોરઢાંખર અને ડુક્કર છે. પશુધનના ઉચ્છવાસમાં નીકળતો મિથેન વાયુ પ્રતિકૂળ ગ્રીનહાઉસ ગેસની કેટેગરીમાં આવે છે.

કોરલ રીફ્સ નામે જાણીતા દરિયાઈ કાંઠે પરવાળાંએ બનાવેલ ખડકો દરિયાઈ જીવસૃષ્ટિની ૨૫ ટકા પ્રજાતિઓ માટે કુદરતી આશ્રયસ્થાન છે. વિશ્વભરના પચાસ કરોડથી વધુ લોકોનો ખોરાક દરિયાઈ જીવસૃષ્ટિ પર આધારિત છે. કેન્સર, સાંધાનો સોજો, બેક્ટેરીયાથી માણસોને લાગતો ચેપ, તેમજ વાયરસ જેવા રોગોની સારવાર માટે કોરલ રીફ્સમાંથી કેટલીક દવાઓ બનાવાય છે. વળી, દરિયાઈ ઊછળતા મોજાંને ખાળવા, પ્રચંડ તોફાની પ્રવાહોના પ્રહાર સામે કાંઠાને સુરક્ષિત રાખવા, સમુદ્રના તોફાન તેમજ અતિ દુર્ગમ હવામાન સામે કોરલના ખડકો રક્ષણ આપે છે.

દુર્ભાગ્યવશ, માછીમારીની કેટલીક હાનિકારક પદ્ધતિઓ, માનવ સર્જિત પ્રદૂષણ, દરિયામાં ફેંકાતો ભંગાર કચરો, દરિયાઈ તાપમાનમાં વધારો, તેમજ ફોસિલ ફ્યૂઅલ/અશ્મિભૂત ઈંધણને કારણે થતી એસિડિફિકેશનની પ્રક્રિયાથી કોરલ રીફ્સને નુકસાન થઈ રહ્યું છે. છેલ્લા ૩૦ વર્ષ દરમિયાન લગભગ ૫૦ ટકા કોરલ/પરવાળાંનો વિનાશ થયો છે. કોરલને થતું નુકસાન, હજી પણ યથાવત્ છે.

ડાયટોમ્સ નામે ઓળખાતી માઈક્રોસ્કોપિક શેવાળ સમુદ્ર, જળમાર્ગો અને જમીન પર જોવા મળે છે. આ ડાયટોમ્સનું આવરણ સિલિકાથી બનેલું હોય સુશોભિત દેખાય છે. તેથી ‘કાચના આવાસવાળા જીવ’ તરીકે પણ ઓળખાય છે. આ ડાયટોમ્સ, આપણા શ્વાસમાં લેવાતા ઓક્સિજનના લગભગ ૨૦થી ૪૦ ટકા ઓક્સિજન તૈયાર કરે છે.

પૃથ્વી પર વનસ્પતિ અને પ્રાણીઓની લગભગ ૮૦ લાખ પ્રજાતિઓ છે. જે પૈકી, આશરે ૧૦ લાખ સુધીની પ્રજાતિઓ હાલમાં લુપ્ત થવાના આરે છે. જેમાંથી ૩૫,૮૦૦ પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓને એન્ડેન્જર્ડ/ભયના ઓછાયા હેઠળ વર્ગીકૃત સુરક્ષિત પ્રજાતિઓ તરીકે જાહેર કરવામાં આવી છે. આ સંખ્યામાં વનસ્પતિની ૩૦,૦૦૦ પ્રજાતિઓ પણ સામેલ છે.

ચામાચીડિયા કે વાગોળના ૧,૧૦૦થી વધુ પ્રકાર છે. ચામાચીડિયા મનુષ્યને મદદરૂપ છે. તેની હગારમાં ફોસ્ફરસ અને નાઈટ્રોજન વધુ પ્રમાણમાં હોય, ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં તેનો પુષ્કળ ઉપયોગ ખાતર તરીકે થાય છે. આ ચામાચીડિયા બીજ વિખેરવાનું પણ કુદરતી માધ્યમ છે. તેની આ સહજ ક્રિયાથી ઉષ્ણકટિબંધીય વરસાદી વન વિસ્તારોમાં આશરે ૯૫ ટકા પુનર્વનીકરણ થાય છે.

પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિને હવા, પાણી અને ખોરાક કુદરત આપે છે. પરંતુ, માનવ કૃત્યોથી બાયોડાર્વિસ્ટિમાં ભારે ઘટાડો થયો છે, તેમજ વન્યપ્રાણીઓની સંખ્યામાં પણ બદલાવ થયો છે. છેલ્લા ૫૦ વર્ષોમાં, માણસોની વસ્તી બમણી થઈ છે. દરવર્ષે પ્રકૃતિનું દોહન કરવાની માણસોની માંગણી વધી રહી છે, તેથી, વધુને વધુ પ્રજાતિઓ લુપ્ત થવાના અગાઉ કરતાં અધિક જોખમ તળે પિસાઈ રહી છે.

ગત વર્ષ ૨૦૧૯ના આખરી ચરણથી ફેલાઈ રહેલ વૈશ્વિક કોરોના વાયરસની મહામારી કોવિડ-૧૯ તરીકે ઓળખાય છે. આ કોવિડ-૧૯માંથી હવે સમજાઈ રહ્યું છે કે, આપણે બાયોડાર્વિસ્ટિનો વિનાશ કરીએ છીએ ત્યારે, આપણા માનવ જીવનચક્રને ટકાવતું માળખું પણ વેરવિખેર થાય છે. બાયોડાર્વ્સ/ જૈવવિવિધતા સભર સમૃદ્ધ ઈકો-સિસ્ટમ (જળચર-થળચર સહ વાતાવરણ) રોગકારક વિષાણુંઓને ઝડપથી ફેલાતાં કે હાવી થતાં અટકાવી શકે તેમ છે. પરંતુ બીજી તરફ, બાયોડાર્વિસ્ટિના વિનાશથી, માણસો તેમજ પ્રાણીઓના શરીરમાં રોગકારક વિષાણુંઓની દાખલ થવાની શક્યતાઓ વધે છે. હવે આપણે, કોવિડ-૧૯ના અનુભવોમાંથી ઊભી થયેલ તક ઝડપીને પ્રકૃતિ સાથેનો નાતો પુનઃ જોડીએ. ચાલો, આપણે પર્યાવરણની જવાબદારી નિભાવતા વિશ્વને પૂર્વવત્ કરીએ.

હવે આ સમય સજાગ થવાનો છે. વિશ્વ પર્યાવરણદિનથી આપણે સમજી લઈએ કે, આ જ કુદરતના સમયને પારખવાનો અવસર છે. આપણા સંબંધો પ્રકૃતિ સાથે ગાઢ કરવા માટે પુનર્વિચારણા કરવાનો સમય પાકી ગયો છે. આપણે બાયોડાર્વિસ્ટિ સમૃદ્ધ કરવા માટે આટલું જરૂર કરી શકીએ ...

- ● એક વ્યકિત તરીકે પુનઃવિચાર કરીએ કે, આપણે જે કાંઈ ચીજ-વસ્તું ખરીદીએ કે વાપરીએ છીએ, તેમાં કોઈ પ્રજાતિનો નાશ થાય છે, કે કેમ?
- ● એક ઉદ્યોગસાહસિક તરીકે, કોઈ પ્રજાતિને હાનિ થતા હોય તેવા ઉદ્યોગ-ધંધામાં ફેરફાર કરીને ઈકોસિસ્ટમ અનુરૂપ ટકાઉ આદર્શ વ્યવસાય બનાવીએ.
- ● એક ખેડૂત તેમજ ખાદ્યપદાર્થોના ઉત્પાદક તરીકે, વૅટલેન્ડ/જલસ્ત્રાવ્ય ભૂમિથી જંગલો સુધીમાં આવેલ જૈવસૃષ્ટિના મૂળ વસવાટ સ્થાનોનો ધ્વંસ કરવાનું બંધ કરીએ.
- ● એક જાહેર ક્ષેત્ર વ્યવસાયમાં, ઈકોસિસ્ટમ અનુરૂપ ટકાઉ હોય તેવી જીવન જરૂરી પુરવઠાની અને ધિરાણની વ્યવસ્થા અપનાવીએ.
- ● એક સરકારી તંત્ર તરીકે, કટિબદ્ધતા અને જવાબદારી સાથે વન્ય પ્રજાતિઓનું રક્ષણ કરીએ.
- ● પ્રશિક્ષણ હેઠળ, પૃથ્વી પર પ્રકૃતિને અનુરૂપ જીવવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપીએ.
- ● એક યુવા તરીકે, પૃથ્વીને વૈવિધ્ય હરિયાળીથી બાયોડાર્વ્સ બનાવવા સપના સાકાર કરનાર લડાયક દરવાન બનીએ.

આપણે એટલે કે, સમગ્ર વૈશ્વિક સમુદાયે સાથે મળીને આગળ વધવાનું છે. આ દિશામાં આપણે હવે જોરદાર પગલાં ભરવા માટે, વિશ્વને બુલંદ અવાજે જાણ કરવાનો આ સમય છે. હવેથી આગળનો વખત ‘કુદરતના સમયને પારખવાનો’ જ છે. આપણે સૌ બાયોડાર્વિર્સનું જતન કરીએ.